# -: મીસાકની એહમીયત :-

અલ્લાહતઆલાએ કુરઆને કરીમમાં બેશુમાર જગાઓ પર મીસાકની ઝિક્રે ખૈર કીધી છે. જેમાં અલ્લાહતઆલાએ ફરિશ્તાઓથી મીસાક લીધો છે. અંબિયા (અ.સ.)થી પણ મીસાક લીધો છે અને તેઓને ફરમાન કીધું છે કે, તેઓ પોતાની કૌમનો મીસાક લે. ખુસૂસી તૌર પર અલ્લાહતઆલાએ રસૂલેઅકરમ (સ.અ.વ.વ.) ને મરદો-બૈરોના મીસાક લેવાની જુદા-જુદા ઝિક્ર તાકીદથી ફરમાવી છે. અલ્લાહતઆલાએ આસ્માન પર ફરિશ્તાઓનો મીસાક લીધો તે વક્ત હજરે અસ્વદ શહિદ રાખા હતા અને કાઅબતુલ્લાહની હજ્જ કરનારા તવાફને અંદર જે વક્ત હજરે અસ્વદને બોસો દે છે તો પોતાના વલીયુઝઝમાન (અ.સ.) નો મીસાક, જે તેઓની ગરદનમાં હોય છે, તેને હજરે અસ્વદને ચૂમી અરઝ કરે છે.**અલ્લાહતઆલાએ ૧ લાખ ૨૪ હઝાર અંબિયા (અ.સ.) ને ઝમીન પર મોકલા જેમાંથી ૬ અંબિયા નોતકા છે અને ૫ ઊલુલ અઝમના સાહબો છે.** અલ્લાહતઆલાએ થોડા નબીઓને રિસાલતની અમાનત સિપૂર્દ કરીને તેઓના ફઝલો શરફમાં ઈઝાફો કીધો છે. અલ્લાહતઆલાએ પોતે જ પોતાની ખિલકતમાંથી અંબિયા (અ.સ.) ને ખુલાસા બનાવીને મુન્તખબ કીધેલા છે અને કારે દાઅવત તેમજ અમરે રિસાલત પહોંચાડવાની ઝિમ્મેદારી સિપૂર્દ કીધેલી છે, અને અલ્લાહ જેને આ મરતબા પર ફાઈઝ કરે તે કોઈ વક્ત ગલ્તી યા ખતા કરી ન શકે, હક્કની રાહથી ફિસ્લે નહીં અને તેઓ પાક દામન અને માઅસૂમ હોય છે. અલ્લાહતઆલાએ બાઈસ્મત અંબિયાને રિસાલતને વાસ્તે પોતે જ પસંદ કીધા, તેને બાવજૂદ તમામનો મીસાકે મોઅક્કેદા અને બયઅતે ખાસ લીધો જેથી અલ્લાહના બતાવેલા દસ્તૂરૂલ અમલ પર, નામૂસે ઈલાહી પર, શરીઅતના અહકામ પર, હલાલો-હરામ પર, પાબંદી સાથે અમલ કરે અને એના પર ચાલે.

મીસાક, ખાલિક અને મખ્લૂકને દરમ્યાન અલ્લાહના નબીના વાસ્તા અને વસીલાથી એક બંદિશ અને કાનૂની નિઝામ છે. આ નિઝામને તહત અને કાનૂનની તાઅમીલ કરવા વાસ્તે અલ્લાહતઆલા એ અહદ-બયઅત વાજિબ અને લાઝિમ કરાર આપી છે. ખત્મુલ મુરસલીન મોહંમદ (સ.અ.વ.વ.) ને અલ્લાહતઆલા તરફથી રિસાલત તથા નુબુવતના દરજા હાસિલ થયા અને આપ પર વહ્યે ઈલાહીનો નુઝૂલ થયો તો જીબરઈલ (અ.સ.) જે અહકામની આયતો લઈને પધારતા તેને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) લોગોને પહોંચાડતા અને તેને પર અમર કરવાની તાકીદ કરતા. **અમરે ઇલાહીને લોગોમાં પહોંચાડીને અને બયાન કરીને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) દસ્તબરદાર થઇ જાતા અને લોગોને તાકીદે અમલ કરવાનો હુકુમ ફરમાવતા.** આપના હર એક કલામ પર ઉમ્મત ઈત્તેફાક કરતી અને ઈસ્લામી અકીદાઓ, ઈમાનની હકીકતો, ફરઝો અને ઈન્સાની અખ્લાકના સિલસિલામાં આપ જે રિસાલત લોગોને પહોંચાડતા તેમાં ઝર્રા બરાબર પણ ઈખ્તેલાફ વાકેઅ ન થતો. પૂરા કલામુલ્લાહની હરફન-હરફન આપે તબ્લીગ કીધી પણ આપના ઈન્તેકાલ પુરમલાલને પહેલા હિજ્જતુલ વિદાઅના મૌકા પર અલ્લાહતઆલા તરફથી આપને અમીરૂલ મુમેનીન અલી (અ.સ.) ની વલાયતના હુકુમને હાજીઓના ૭૦ હજારના કસીર મજમાઅને દરમ્યાન પહોંચાડવાનો આપને વહ્યે ઈલાહીથી હુકુમ સાદિર થયો, તો આપ પરેશાન થઈ ગયા, પસપા થઈ ગયા, અને દિલમાં હીચકીચાહટનો એહસાસ કરવા લાગા. અલ્લાહતઆલાએ સખ્તો શદીદ ફરમાન કીધું કે જો આપ આ વલાયત ની રિસાલતને લોગો પર પહોંચાડવામાં કોઈ કમી યા કુસૂર કરશો તો તમારી પૂરી રિસાલત રદ થઈ જાશે. અલ્લાહતાલાએ લોગોના ડરથી આપને અમાન અને ઈસ્મત આપી તેથી રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ હાજીઓના ઊંટોની બેઠકોને ભેગી કરીને એક ઊચું મિમ્બર બનાવું. આપ (સ.અ.વ.વ.) અને હ.અલી (અ.સ.) તેને પર ચઢા અને હાજીઓની કસીર તાઅદાદમાં આપે હ.અલી (અ.સ.) ના હાથને આપને હાથમાં લઈને ઊંચા કીધા અને હુકમે ઈલાહી મુતાબિક વલાયતે અલીને આશકાર કીધી.

આ તારીખી વાકેઆમાં હઝારો લોગોએ હ.અલી (અ.સ.) ની વલાયતનો મીસાક આપો. મોટા મોટા સહાબીઓએ હ.અલી (અ.સ.) ને "અલ-મૌલા" બનવાની મુબારકબાદી આપી, મુસાફહો કીધો અને કદમબોસી કીધી. મોઅર્રિખો લીખે છે કે, આ મુબારકબાદી અને કદમબોસીની રસમ તીન દિન તક ચાલી અને લોગો એક પછી એક મિમ્બરને નઝદીક આવતા અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) તેમજ હ.અલી (અ.સ.) ના હાથમાં હાથ આપી સફકત (શપથ, મીસાક) અને બયઅત આપતા.પણ તારીખ શાહિદ છે કે, ***આગલી ઊમ્મતોમાં જે હકીકત પેશ આવી તે જ મુજબ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઇન્તેકાલ પૂરમલાલ બાદ ઊમ્મતે ઇસ્લામીયાહમાં ઇખ્તેલાફ પૈદા થયો અને પોતાના સાહબ અને વલીને આપેલી બયઅત અને મીસાક ભૂલી ગયા,*** અને પોતાની મનમાની કરવા લાગા. જેની તાઅત અલ્લાહતઆલાએ વાજિબ કીધેલી તેની તાઅત મૂકીને નાફરમાનીની ગેહરી, ઊંડી, અંધારી ખાયમાં પડી ગયા અને હર એક ભટકેલા ટોલોઓએ એક-એક આલિમને પોતાના સરપરસ્ત બાનવી લીધા, અને રિયાસત, દૌલત અને મિલકીયતની તલબમાં વાડાબંધી કરીને ઈસ્લામની વહદતને તોડી નાખી અને અલગ-અલગ મસ્લકો બનાવી લીધા અને જે મુજબ ચરવાહો પોતાના ઘેંટા-બકરાને લઈને ચાલે છે. તેમ આ કહેવાતા આલિમો પોતાના ગિરોહને લઈને ચાલવા લાગા અને તેને માનનારા ઢોર-ઢંકર જેમ તેની પૈરવી અને આંધલી તકલીદ કરવા લાગા. નતીજા રૂએ વહદતે ઈસ્લામની અસ્લીયત અને ઈન્ફેરાદીયત તેઓમાંથી મીટી ગઈ અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ જે અકીદાઓ ઈસ્લામમાં વાજિબ ઠેહરાવેલા તેને મૂકી દીધા અને ઈફતેરા તેમજ જૂઠી તોડ-જોડ ના અકીદાઓ આ ગુમ્રાહ કૌમોનો મઝહબ બની ગયો.

આ સબબથી ખમ્સતુલ અત્હારમાંથી વસીયુલ ઔસિયા અમીરૂલ મુમેનીન અલી (અ.સ.) અને ઈમામૈન હસનૈન (અ.સ.) અને આલે મોંહમદના સિલસિલાના અઈમ્મતે તાહેરીન (અ.સ.) પર વાજિબ અને ઝરૂરી થઈ ગયું કે લોગો પર મઝહબે ઈસ્લામની હકીકત અને અસલીયતને ઝાહિર કરે અને અહદો મીસાકની એ રસમને જારી કરે કે જેથી અહલેબૈત (અ.સ.) ના અકીદામાં માનનારાઓનો દુનિયા અને આખેરતમાં નજાતના સબબોની માઅરેફત થાય, તમામ સિરાતુલ મુસ્તકીમ પર ચાલે, અહલેબૈત (અ.સ.) ના વતીરાને, મઝહબને જાણીને માને, હરએક ઝમાનના હક્કના ઈમામની તાઅતને લઈ ઊઠે અને ઈબ્લીસના શિર્કથી અમનો અમાનમાં રહે. **તેથી અલ્લાહતઆલાએ ઝમીન પર તેના અમીનો, જે પાક ઇમામો છે, તેઓને ખાસ કીધેલા છે કે મીસાકના ઝરીએ અમલી અને ઇલ્મી ઇબાદત ની રિસાલતને કાઇમ કરે અને ઇલાહી સિયાસતના ખાકાને બરકરાર રાખે.** તેથી મીસાકની રસમ જારી કીધી જે મુજબ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું હતું કે, તે કોઈ જે "લાઈલાહા ઈલ્લલ્લાહ" ની ઈખ્લાસથી શહાદત આપશે અને ઈમાન લાવશે તેના વાસ્તે જન્નત છે. અને આ જ રસમ આગલા ઝમાનઓની સુન્નતના કદમ-બ-કદમ આજે જારીયા-સારીયા છે અને કુરઆને કરીમમાં જે જે અહકામ-ફરમાન છે તે તમામને મીસાકની દુઆમાં સમાવવામાં આવેલા છે જેથી ઈસ્લામના દાએરામાં દાખિલ થયા બાદ, મુસ્તજીબ અહદનો આપનાર ઈમાનના દાએરામાં દાખિલ થાય અને ઈતાઅતે ઈમામુઝઝમાન (અ.સ.) ના અમલને લઈ ઊઠે.

આજે પણ મેડીકલ સાયન્સમાં જાનારા તાલિબે ઈલ્મ અને તિબ્બ (હિકમત) ના ઈલ્મથી લોગોના ઈલાજ-મુઆલેજા કરનાર હકીમો તબીબ પોતાના પૈશામાં દાખિલ થાતા પહેલા અહદ (Oath) આપે છે. અને ઈન્સાની અખ્લાકના દાએરામાં રહીને મરીઝો બીમાર વાસ્તે એક આકિલ-ફહીમ, ખૈરખ્વાહ, મુશ્ફિક અને મુશાવિર બને છે અને ઈલાજ કરે છે. એ લોગો પોતાના પૈશાના આખેરી દિન તક કોઈ તરહની તોડ-જોડ કરતા નથી. તે મુજબ સિયાસી સતહ પર કોઈ પણ વઝીરને અવામની ખિદમત સિપૂર્દ થાય છે તો મુલ્કના મુન્સિફે આઅલા (ચીફ જસ્ટીસ) ની હાઝરીમાં તે મીનિસ્ટરથી સફક્ત-સપથની રસ્મ અદા થાય છે જેમાં મુલ્કના સિયાસી દસ્તૂરે અમલના રાઝ-અસરાર અને અંદરૂની-બાતિની ઉમૂરને ઝાહિર-ઈફશા ન કરતાં અવામની ખિદમતનો મીસાક લેવાય છે પછી તેને જે તે વઝારત-મીનિસ્ટરીનાં ઓહદા પર કાઈમ કરવામાં આવે છે.

અલ્લાહતઆલાએ આ દુનિયાએ ફાનીમાં ઈન્સાનનાં ગુઝર-બસર વાસ્તે દુન્યાવી માલની હઝાર-હઝાર કિસ્મો મૂકી છે, જેમાં અશરફ અને આઅલા મોતી, જવાહેરાત અને યાકૂત છે અને અદના અને માઅમૂલી ગાય, બકરી અને ઢોર-ઢાંખર છે. હવે જે દૌલત અશરફ અને કિંમતી છે તેને તિજોરીમાં મૂકીને હિફાઝત થાય છે અને તેનો જે હક્કદાર છે તે જ હાસિલ કરી શકે છે તાકે જે તેની કિંમત અને એવઝ બરાબર અદા કરી શકતો હોય. બરાબર એ જ શાકેલત પર અલ્લાહતઆલાએ પોતાના અમીનોમાં નબીયો, વસીયો અને ઈમામોને બનાવેલા છે જેઓના દિલોમાં કિમતી ઈલ્મ વદીઅત અને અમાનત રાખેલું છે અને બંદાઓમાંથી જે તે ઈલ્મની રગબત અને શૌક રાખતા હોય અને અમાનતને સાચવવાની સુલાહીયત હોય તેની તલબને મુવાફિક અતા કરે છે તાકે તેઓની દાઅવતમાં બંદાઓ દાખિલ થઈ જાય. આ જ ઈલ્મની હિફાઝત વાસ્તે અઈમ્મતિત્ તાહેરીન (અ.સ.) પર બંદાઓથી અહદો મીસાક લેવું વાજિબ કીધું.

હવે દૌરે મોહમ્મદીમાં સાહેબે કરામત અને ઈમામતનાં શરફથી મખ્સૂસ હ.અલી બિન અબી તાલિબ (અ.સ.) અને આપની ઔલાદે અત્હર (સ.અ.) છે અને અલ્લાહતઆલાને માઅલૂમ હતું કે આ લોગોના ફરમાનમાં એ જ માજરો પૈશ આવશે જે આગલા ઝમાનામાં થયું અને એમ કે ઈબ્લીસો અને શયતાનો હક્કના લોગો પર ગાલિબ આવી જાશે અને અલ્લાહના અમ્ર અને સાચી નસ્સે જલી બગૈર ઈમામતની મસ્નદ પર બેસશે. તેથી અલ્લાહતઆલાએ અહલેબૈતના તમામ ઈલ્મને મખ્સૂસ અને ઝખીરાઅંદોઝ કરી લીધું અને એ ઈલ્મ હક્કદાર અને તાઅતગુઝાર સિવાય કોઈને અપાય નહીં કેમકે આ બની બેઠેલા પેશ્વાઓ અલ્લાહની માઅસીયત અને નાફરમાનીના સબબ અને અલ્લાહતઆલાના આખેરૂન્નબીના કાઈમ મકામ (અ.સ.) થી રૂગરદાનીના સબબ મેહરૂમ અને બેનસીબ રાખવામાં આવે. તેથી જ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના દૌરના લોગો પર અહદ-મીસાક વાજિબ કરવામાં આવો જેમ આગલી ઊમ્મતો પર વાજિબ થયો હતો. અને અલ્લાહતઆલાએ આ વાતની એક યા દસ નહી પણ વીસ કુરઆની આયતે શરીફામાં મીસાક વાજિબ થયાની ઝિક્ર કીધેલી છે. અને જે લોગો મીસાક આપા બાદ તોડે છે, એ લોગોને શદીદ અઝાબ છે અને જે લોગો મીસાક આપા બાદ વફાદાર રહે છે અને તોડતા નથી અને મીલાવે છે તે ચીઝને જેને અલ્લાહતઆલાએ મીલાવવાનો અમર કીધો છે અને અલ્લાહથી તેમજ હિસાબ-કિતાબથી ડરે છે તેને અલ્લાહતઆલા મોટી જઝાએ ખૈર ઈનાયત કરશો.

નબીયુલ્લાહ મોહંમદ (સ.અ.વ.વ.) લોગોથી મીસાક લેતી વક્ત નુબુવતનો ઈકરાર કરાવતા એ શર્ત પર કે આપ અલ્લાહના અમરને મુતાબિક જે એને ફરમાન કરશે તો તે તાઅત બજાવી લાવશે અને આપની ખિલાફવરઝી નહી કરે, જાસૂસી નહી કરે. અને આપ જે પણ હુકુમ કરશો એ પર ચાલવામાં આગલ-આગલ રહેશે. હવે અગર આપ આ દારે ફાનીમાં આપના દૌરના આખિર તક હમેશા બાકી રહેતા તો તમામ મુસ્લેમીનને બેશક કહેતા કે મારી બયઅત કરો અને મને અહદ આપો તો તમામ પર અલ્લાહતઆલાની કિતાબના ફરમાનથી બયઅત આપવું વાજિબ થઈ જાતું. આપની કોઈ નાફરમાની ન કરતા અને તમામ ફરીઝતો તેમજ વાજિબ હુકૂકો અદા કરતા અને આપના હુકુમને ન માનનાર જે બયઅત ન કરતો તે નાફરમાન હક્કના રસ્તેથી ફિરેલો કહેવાતો અને બિલઆખિર ઈસ્લામના દાએરામાંથી ખારિજ ગણવામાં આવતો. પણ કડવી હકીકત તો એ છે કે નબીયુલ્લાહ મોહંમદ (સ.અ.વ.વ.) ને મૌત લાહિક થઈ અને આપ આલમે બાલામાં ઈન્તેકાલ ફરમાવી ગયા તેથી આપની ગૈરહાઝરી અને ગૈરમૌજૂદગીમાં આપના કાઈમ મકામ નો કૌલ એ આપનો કૌલ છે. એનો હુકુમ એ આપનો હુકુમ છે. એનો અમર એ આપનો અમર છે. એની નારાઝગી એ આપની નારાઝગી છે અને જે સાહબ આપના અમર અને મરઝીથી જ આપના મકામ પર કાઈમ થયેલા છે અને લોગોમાંથી કોઈ એની બયઅત-મીસાક આપવાનો ઈન્કાર કરે તો સરીહન તેએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ઝિંદગીમાં જ આપના અહદો મીસાકનો ઈન્કાર કીધા બરાબર છે.

આ તમામ બયાનીથી વાઝેહ થાય છે કે મીસાક ઈસ્લામથી અલગ નથી, કોઈ નવી બિદઅત નથી, કોઈ રસમ નથી, પણ આ તો અલ્લાહ અને અલ્લાહના રસૂલની સુન્નતે મોઅક્કેદા અને લાઝિમશુદા ફરીઝો છે, તે શહાદત આપે કે અલ્લાહ એક છે, મોહંમદ (સ.અ.વ.વ.) અલ્લાહના બંદા અને રસૂલ છે, આપના કાઈમ મકામની ઈતાઅત ફરઝ છે, જન્નત, જહન્નમ, હિસાબ, કિતાબ, મીઝાન, સિરાત, કયામત, જઝા-સઝા સાચી છે, કયામત આવનારી છે, અને અલ્લાહ કબરોમાંથી મૂર્દાઓને ઝિંદા કરનાર છે, એમાં કોઈ શક નથી અને તમામ ફરઝો-સુન્નતોની અદાયેગી ઝરૂરી છે. હવે કોઈ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને આપના ઝમાનમાં આપના હાથ પર હાથ મૂકી મીસાક ન આપે અને આપના કાઈમ મકામને પણ મીસાક ન આપે તો તે આખેરતમાં નજાતની ઉમ્મીદ કઈ તરહ કરી શકે છે એ હાલતમાં કે તે હબ્લુલ્લાહિલ મતીન યાઅની અલ્લાહની રસ્સીથી વાબિસ્તા નથી થયો અને અલ્લાહના વલીયોને સાથે હાથ પર હાથ મૂકી બયઅત નથી લીધી.

ફરઝ કરી લો કે આ બયઅત વાજિબ ન હોત અને અલ્લાહની કિતાબમાં એની ઝિક્ર પણ ન હોત તો પણ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ઈત્તેબાઅ કરવું તો વાજિબ જ હતું કેમ કે અલ્લાહતઆલાનો કૌલ છે કે જે રસૂલ તમને આપે તે લો, અને જેથી રોકે તો રૂકો. મૌકાની વાત તો એ છે કે આની ઝિક્ર અલ્લાહએ પોતાના કિતાબમાં કીધેલી છે અને આગલના અંબિયાના ઝમાનના લોગોનો અહદો મીસાક લેવામાં આવો છે અને નબીયલ્લાહ (સ.અ.વ.વ.) એ ખુદની ઝિંદગીમાં આ પર અમલ કીધો અને આપને બાદ હક્કના ઈમામોએ અને બીજા મસ્લકના ઈમામોએ પણ એના પર અમલ કીધો. અરે ! ગદીરે ખુમના નાકાબિલે ફરામોશ મીસાકના તારીખી વાકેઆ બાદ ઈસ્લામના ખલીફાઓ એ પણ લોગોથી બયઅત લીધી, અને અમીરૂલ મુમેનીન હ.અલી (અ.સ.) એ ઝાહિરી ખિલાફત પર ફાઈઝ થયા બાદ દોબારા લોગોની બયઅત લીધી અને આ જ શાકેલત પર ઈમામૈન હસનૈનએ પણ લોગોની બયઅત લીધી, તે બાદ બની ઉમૈયા-બની અબ્બાસના દુન્યવી બાદશાહોએ જે જૂઠી ખિલાફતના દાવેદાર હતા, તેઓએ પણ પોતાની કૌમથી બયઅત લઈ લોગોના માલને હડપ કીધો. હવે જે વક્ત કે બયઅતને મોતઅલ્લિક આ વાત સાબિત છે અને હક્કના અસ્હાબો તેમજ બાતિલના લઈન હુકમરાનો તમામે બયઅત લેવા પર અમલ કીધો તો અલ્લાહતઆલાએ જેની તાઅત વાજિબ કરી છે તે જ અહદો બયઅતના ઝિયાદહ હક્કદાર છે અને એ લોગો સાથે જ મુસાફેહો કરીને હાથ પર હાથ મૂકીને બયઅત આપવામાં આવે અને અલ્લાહના દીનના મુતાબિક તેમની ઈતાઅત કરવામાં આવે.

અલ્લાહતઆલાનો બેહદ શુક્ર છે અને લાઈન્તેહા એહસાન છે કે, હમારે દરમિયાન દૌરે મોહંમદીના આલે મોહંમદની બયઅતના વારિસ, ઈમામુઝઝમાનના નાઈબ-મનાબ મૌજૂદ છે જે એક માઅનામાં નબી, વસી અને ઈમામની જગા પર છે. આપની બયઅત તે જ નબી, વસી અને ઈમામની બયઅત છે. અલ્લાહતઆલાએ કરમ ફરમાવીને દાઅવતે હક્કના હઝીરએ કુદસીયામાં બયઅત અને મીસાકની નેઅમત અને બરકત જારીયા અને સારીયા રાખી છે જે મુમેનીનને હક્કદારની તાઅત કરાવવાને વાસ્તે દાઅવતે જલીલા પૈશ કરે છે અને દુનિયા સાથે આખેરતના રસ્તાને અને નજાતને બખ્શે છે. ★